# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 10-01-2025** **MORNING: 7.45 to 7.55**

**Day: FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **હર્ષ લેઉઆ** વાંચે છે.

****************************************************

**1.** રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે પ્રવાસી ભારતીય દિવસ સંમેલનના સમાપન સમારોહમાં હાજરી આપશે-સંબોધન કરશે

**2.** પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, વિશ્વ વિવિધ વૈશ્વિક સમસ્યાઓના ઉકેલ માટે ભારત તરફ જોઈ રહ્યું છે

**3.** આજે દેશ વિદેશમાં વિશ્વ હિન્દી દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે

**4.** સંયુક્ત રાષ્ટ્રના મુખ્ય આર્થિક અહેવાલ પ્રમાણે ૨૦૨૫માં ભારતની અર્થવ્યવસ્થા ૬.૬ ટકાના દરે વૃદ્ધિ પામવાનો અંદાજ છે

**5.** સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ આજે નવી દિલ્હીમાં રાજદૂતોની ગોળમેજી સંવાદની અધ્યક્ષતા કરશે

**6.** ભારત અને આયર્લેન્ડ વચ્ચે ત્રણ મેચની એક દિવસીય મહિલા ક્રિકેટ શ્રેણીની પ્રથમ મેચ આજે રાજકોટમાં રમાશે

*********************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PREZ- PRAVASI BHARATIYA SAMMAN

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે ભુવનેશ્વરમાં ૧૮મા પ્રવાસી ભારતીય દિવસ સંમેલનના સમાપન સમારોહમાં હાજરી આપશે. તેઓ સંમેલનમાં મોટી સંખ્યામાં એકત્રિત થયેલા બિન-નિવાસી ભારતીયોને સંબોધન કરશે. સુશ્રી મુર્મુ વિવિધ ક્ષેત્રોમાં શ્રેષ્ઠતા માટે પ્રવાસી ભારતીયોને 'પ્રવાસી ભારતીય સન્માન' પણ એનાયત કરશે. આ પુરસ્કાર બિન-નિવાસી ભારતીય અને ભારતીય મૂળના વ્યક્તિ દ્વારા સ્થાપિત અને સંચાલિત સંસ્થાને ભારતમાં અથવા વિદેશમાં અસાધારણ સામાજિક તથા માનવતાવાદી કાર્ય અને તેમના દેશમાં ભારતની પ્રતિભા વધારવા માટે કરેલા નોંધપાત્ર યોગદાન બદલ આપવામાં આવતું સર્વોચ્ચ સન્માન છે.

બુધવારથી શરૂ થયેલા ૩-દિવસીય સંમેલનનો આજે અંતિમ દિવસ છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે આ સંમેલનનું ઔપચારિક ઉદ્ઘાટન કર્યું હતું.

. . . . . . . . . . . . . . . .

# REV. PM GENOME INDIA PROJECT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, વિશ્વ વિવિધ વૈશ્વિક સમસ્યાઓના ઉકેલ માટે ભારત તરફ જોઈ રહ્યું છે. ગઈકાલે દિલ્હીમાં જીનોમિક્સ ડેટા

કોન્ક્લેવમાં એક વિડીયો સંદેશમાં શ્રી મોદીએ કહ્યું કે, જીનોમ ઇન્ડિયા પ્રોજેક્ટ દેશના બાયોટેકનોલોજી ક્ષેત્રમાં એક નિર્ણાયક પગલું છે.

તેઓએ કહ્યું કે, 21મી સદીમાં બાયોટેકનોલોજી અને બાયોમાસનું સંયોજન વિકસિત ભારત માટે બાયો અર્થતંત્ર તરીકે એક મહત્વપૂર્ણ પાયો બનાવશે. તેમણે એ વાત પર ભાર મૂક્યો હતો કે છેલ્લા 10 વર્ષમાં, બાયો-અર્થતંત્ર 10 અબજ ડોલરથી વધીને 150 અબજ ડોલર થઈ ગયું છે.

## (બાઇટ – PM)

. . . . . . . . . . . . . . . .

## MAHAKUMBH

આ મહિનાની ૧૩મી તારીખથી મહાકુંભ ૨૦૨૫નો પ્રારંભ થશે. ૨૬ ફેબ્રુઆરી સુધી ઉત્તર પ્રદેશના પ્રયાગરાજ ખાતે મહાકુંભ યોજાશે. આ ભવ્ય કાર્યક્રમ પોષ પૂર્ણિમાના પવિત્ર અમૃત સ્નાનથી શરૂ થશે અને મહાશિવરાત્રીના દિવસે મહાકુંભ ૨૦૨૫ના છેલ્લા અમૃત સ્નાન સાથે સમાપ્ત થશે.

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે જણાવ્યું છે કે, આ વર્ષે અંદાજીત ૪૦ કરોડથી વધુ શ્રદ્ધાળુઓ આ મહાકુંભમાં સહભાગી થશે. શ્રી યોગી મહાકુંભ 2025 ને સમર્પિત આકાશવાણીની કુંભવાણી ચેનલને પણ લોન્ચ કરશે. માહિતી અને પ્રસારણ રાજ્યમંત્રી ડૉ. એલ. મુરુગન આ કાર્યક્રમમાં વર્ચ્યુઅલી જોડાશે. કાર્યક્રમ દરમિયાન મુખ્યમંત્રી કુંભ મંગલ ધૂનનું પણ લોન્ચ કરશે.

આકાશવાણીની કુંભવાણી ચેનલ પર આજથી 26 ફેબ્રુઆરી સુધી સવારે 5:55 થી સાંજે 10:05 વાગ્યા સુધી મહાકુંભની દરેક પ્રવૃત્તિ પર આધારિત વિવિધ કાર્યક્રમોનું પ્રસારણ કરાશે. આ કાર્યક્રમ 103.5 MHz ફ્રીક્વન્સી, ન્યૂઝનએર એપ અને વેવ્ઝ OTT પર સાંભળી શકાશે.

## (બાઇટ- U.P. - CM YOGI AADITYANATH)

. . . . . . . . . . . . . . . .

## WORLD HINDI DAY

આજે વિશ્વ હિન્દી દિવસ છે. હિન્દી માત્ર એક ભાષા જ નહીં, પણ ભારતીય સંસ્કૃતિની ઓળખ છે. આ દિવસને ઉજવવાનો ઉદ્દેશ વિશ્વમાં હિન્દી ભાષાના પ્રચાર અને પ્રસાર માટે જાગૃત્તિ ફેલાવવાનો છે.

આ અંગે પ્રસ્તુત છે એક અહેવાલ,

## (VOICE CAST ANIL PATEL)

*આપણા દેશમાં વાતચીત કરવા માટે ઘણી ભાષાઓનો ઉપયોગ કરવામાં આવે છે. જેમાં હિન્દી ભાષાનો સૌથી વધુ ઉપયોગ થાય છે. હિન્દી આપણી રાજભાષા અને વિશ્વની પાંચ મુખ્ય ભાષાઓમાંની એક છે.*

*હિન્દીની લોકપ્રિયતાને જોતા અને હિન્દીને પ્રોત્સાહિત કરવા માટે દર વર્ષે 10 જાન્યુઆરીના દિવસને વિશ્વ હિન્દી દિવસ તરીકે ઉજવવામાં આવે છે. 10 જાન્યુઆરી, 1949નાં રોજ હિન્દીને ભારતની રાજભાષા તરીકે સ્વીકારવામાં આવી હતી. ભૂતપુર્વ પ્રધાનમંત્રી ડોક્ટર મનમોહન સિંહે 10 જાન્યુઆરી, 2006નાં રોજ પ્રથમ વાર વિશ્વ હિન્દી દિવસ ઉજવવાની શરૂઆત કરી હતી. આ વર્ષનાં વિશ્વ હિન્દી દિવસની વિષય વસ્તુ છેઃ 'એકતા અને સાંસ્કૃતિક ગૌરવનૌ વૈશ્વિક અવાજ.'*

*અનિલ પટેલ, આકાશવાણી સમાચાર, અમદાવાદ*

. . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

ગોન્ગ મ્યુઝિક

. . . . . . . . . . . . . . .

# THE VIKSIT BHARAT YOUNG LEADERS DIALOGUE

વિક્સિત ભારત યુવા લીડર્સ ડાયલોગનો આજથી નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે પ્રારંભ થશે. યુવા બાબતો અને રમતગમત મંત્રાલયે

જણાવ્યું છે કે, ત્રણ દિવસના આ કાર્યક્રમનો હેતુ યુવાનોને વિક્સિત ભારત માટે નવીન ઉપાયો રજૂ કરવા અનોખો મંચ પૂરો પાડવાનો છે. તે યુવાનોને નીતિ ઘડવૈયાઓ, રાષ્ટ્રીય અને વૈશ્વિક અગ્રણીઓ સાથે સીધો સંવાદ કરવાની અને રાષ્ટ્રનાં ભાવિનું ઘડતર કરવા પોતાનાં વિચારો રજૂ કરવાની તક પૂરી પાડશે.

. . . . . . . . . . . . . . . . .

# MORN. UN-INDIA GDP GROWTH

સંયુક્ત રાષ્ટ્રના મુખ્ય આર્થિક અહેવાલ પ્રમાણે ૨૦૨૫માં ભારતની અર્થવ્યવસ્થા ૬.૬ ટકાના દરે વૃદ્ધિ પામવાનો અંદાજ છે. ગઈકાલે પ્રકાશિત થયેલા સંયુક્ત રાષ્ટ્રના વિશ્વ આર્થિક પરિસ્થિતિ અને સંભાવનાઓ, WESP ૨૦૨૫ અહેવાલમાં, ભારતની સેવાઓ અને ચોક્કસ ઉત્પાદિત માલમાં નોંધપાત્ર નિકાસ વૃદ્ધિને, આર્થિક પ્રવૃત્તિને ટેકો આપતા મુખ્ય પરિબળો તરીકે પ્રકાશિત કરવામાં આવી છે.

આ અહેવાલમાં ૨૦૨૫માં વૈશ્વિક વૃદ્ધિ ૨.૮ ટકા રહેવાનો અંદાજ છે. વિશ્વ અર્થતંત્રમાં સ્થિતિસ્થાપકતા હોવા છતાં વૃદ્ધિ દર કોવિડ પહેલાના સરેરાશ ૩.૨ ટકાથી નીચો છે, જે નબળા રોકાણ, ધીમી ઉત્પાદકતા વૃદ્ધિ અને ઊંચા દેવાના સ્તરથી મર્યાદિત છે.

# MORN. RAJNATH-AMBASSADORS

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ આજે નવી દિલ્હીમાં એરો ઇન્ડિયા 2025 પહેલા રાજદૂતોની ગોળમેજી સંવાદની અધ્યક્ષતા કરશે. સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે 150 થી વધુ મિત્ર દેશોના રાજદૂતો અને ઉચ્ચાયુક્તોને આમંત્રણ આપવામાં આવ્યું છે. એશિયાના સૌથી મોટા એરો શોનું 15મું સંસ્કરણ, એરો ઇન્ડિયા 2025, આગામી મહિનાની 10 થી 14 તારીખ દરમિયાન કર્ણાટકના બેંગલુરુમાં યેલહંકા સ્થિત એરફોર્સ સ્ટેશન ખાતે યોજાશે. આ કાર્યક્રમની થીમ "ધ રનવે ટુ અ બિલિયન ઓપોર્ચ્યુનિટીઝ" છે. એરો ઇન્ડિયા સ્વદેશીકરણ પ્રક્રિયાને વેગ આપવા અને અત્યાધુનિક ટેકનોલોજીઓ પ્રદર્શિત કરવા માટે વિદેશી અને ભારતીય કંપનીઓ વચ્ચે ભાગીદારી બનાવવા માટે એક અનોખું મંચ પૂરું પાડશે. સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર 13 અને 14 તારીખે લોકો શો જોઈ શકે તે માટે જાહેર દિવસો તરીકે નક્કી કરવામાં આવ્યા છે.

. . . . . . . . . . . . . . . .

# મહિલા ક્રિકેટ

ભારત અને આયર્લેન્ડ વચ્ચે ત્રણ મેચની એક દિવસીય મહિલા ક્રિકેટ શ્રેણીની પ્રથમ  મેચ આજે રાજકોટમાં રમાશે. મેચ સવારે ૧૧ વાગ્યે શરૂ થશે. આ મેચમાં કેપ્ટન હરમનપ્રીત કૌર અને રેણુકા સિંહ ઠાકુરને આરામ આપવામાં

**આવ્યો છે. સ્મૃતિ મંધાના ભારતીય ટીમની કપ્તાની કરશે.અને દીપ્તિ શર્મા ઉપ-કપ્તાન રહેશે.**

**શ્રેણીની બીજી મેચ રવિવારે અને ત્રીજી મેચ 15 જાન્યુઆરીએ રમાશે. ઉલ્લેખનિય છે કે, ભારતે ગયા મહિને વન-ડે શ્રેણીમાં વેસ્ટ ઈન્ડિઝને 3-0 થી હરાવ્યું હતું.**

. . . . . . . . . . . . . . .

**અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે અનિલ પટેલ**

આજનાં અખબારોનાં મુખ્ય સમાચાર

- **આજે મોટાં ભાગનાં અખબારોએ અમેરિકાનાં લોસ એન્જલસમા લાગેલી આગને હેડલાઇન બનાવી છેઃ નવગુજરાત સમાચારની હેડલાઇન છે- દાવાનાળથી સમગ્ર અમેરિકામાં હાહાકારઃ 57 અબજ ડોલરનું નુકસાન. ગુજરાત સમાચારે આઠ કોલમની તસવીર પ્રકાશિત કરીને લખ્યું છે- વિકરાળ દાવાનળમાં આઠનાં મોત, દોઢ લાખ લોકોનું સ્થળાંતર, તો સંદેશે પણ આ સમાચારને તસવીર સાથે પ્રકાશિત કર્યા છે.**

- **અન્ય એક હેડલાઇનમાં ગુજરાત સમાચાર લખે છે, અંતે ઇન્ડિયા ગઠબંધનનાં પાટીયાં પડી ગયાં**

- સંદેશ અખબારની અન્ય હેડલાઇન છે- ડોલર સામે રૂપિયાની 85.94ની ઐતિહાસિક નીચી સપાટી

- અંગ્રેજી અખબાર ઇન્ડિયન એક્સપ્રેસ પ્રથમ પાને વિશેષ અહેવાલમાં જણાવે છે કે- તાલિબાને દુબઇ આવેલા ભારતીય પ્રતિનિધિમંડળ સમક્ષ વિનંતી કરી છે કે ભારતે અફઘાનિસ્તાનના વિદ્યાર્થીઓ, દર્દીઓ અને વેપારીઓને વિઝા આપવા જોઇએ.

- અમદાવાદનાં ફલાવર શોની મુદત બે દિવસ લંબાવાઈ અને 23-24 જાન્યુઆરીએ ફ્લાવર શોમાં પ્રિ-વેડિંગ શૂટિંગ કરી શકાશે- આ સમાચાર તમામ દૈનિકોમાં જોવા મળે છે